# <u>બુકીંગ લેટર</u> તારીખ- / /૨૦૧૮.

પ્રતિ,

.

રહેવાસી-

.

અમદાવાદ.

જત જીલ્લે અમદાવાદ તાલુકો વેજલપુરના અમદાવાદ-૪ (પાલડી વિભાગ) ના મોજે સરખેજની સીમના સર્વે/બ્લોક નંબર-૫૬૯ ની જમીન કે જેનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર-૮૫ (સરખેજ-મકરબા-ઓકાફ) માં સમાવેશ થવાથી ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૫, ચોરસમીટર-૪૯૭૮ ની બીનખેતીની જમીન આવેલ છે તે જમીન પૈકી ફાઈનલ પ્લોટ નંબર-૧૫/૧, ચોરસમીટર-૩૬૯૮ ની જમીન પૈકી પશ્ચિમ દીશા તરફની ચોરસમીટર-૨૩૨૮ ની જમીનમાં સરખેજ, અયમનપાર્કની સામે "અલ-યશ-રબ રેસીડેન્સી" ના નામની યોજના અમોએ મુકેલ છે.

સદર યોજનાના પ્લાન મંજુર થયા તારીખથી માસ-...... (......) માં સદર યોજનાનુ બાંધકામ સંપૂર્ણ વપરાશલાયક સ્થિતીમાં અમારે અમારા ખર્ચે અને જોખમે કરવાનુ રહેશે અને આ અંગે જરૂરી બી.યુ.પરમીશન પણ અમારે મેળવી આપવાની રહેશે.

સદર "અલ-યશ-રબ રેસીડેન્સી" માં માં બ્લોક નંબર-'.....' માં આવેલ રજાચિઠ્ઠી મુજબ પીલર ઉપરનો ..... ફલોરનો ફલેટ નંબર-......, ચોરસમીટર-..... બિલ્ટઅપ એરીયા અને ચોરસમીટર-..... રેરા કાર્પેટ એરીયાના બાંધકામ વાળી મીલકત તમોએ બુક કરાવેલ છે (જેને આ લેટરમાં "સદર મીલકત" એ રીતે સંબોધવામાં આવશે).

સદર મીલકતની ઉચ્ચક કિંમત રૂા. અંકે રૂપિયા પુરા નક્કી કરવામાં આવેલ છે જે રકમમાં સદર મીલકતની જમીનફાળા તથા બાંધકામફાળાની રકમનો સમાવેશ થઈ જાય છે.

સદર કિંમત પેટે રૂા. અંકે રૂપિયા પુરા તમોએ અમોને આપેલ છે, જયારે બાકીની અવેજની રકમ નક્કી થયા મુજબ તમારે અમોને ચુકવવાની છે. પરંતુ જો તેવી બાકીની રકમ ચુકવવામાં તમો નિષ્ફળ જાવ તો તેવા સંજોગોમાં આ લેટર આપોઆપ રદબાતલ ગણાશે અને તેવા સંજોગોમાં તમોએ અમોને જે રકમ ચુકવેલ હોય તે રકમમાંથી આ લેટરની રૂઈએ અમોને મળેલ રકમ ફોરફીટ કરવામાં આવશે જયારે બાકીની રકમ અમો તમોને વગર વ્યાજે પરત આપીશુ અને ત્યારબાદ આ લેટરની રૂઈએ સદર મીલકત અંગે તમારા કોઈ હક્ક રહેશે નહિં.

સદર મીલકત અંગે જીએસટી અન્વયે ઉપસ્થિત થનાર વેરાની જવાબદારી પેટે જે કાંઈ રકમ વખતો-વખત સરકારશ્રીને ચુકવવામાં આવે તે રકમ તમારે અમોને જુદી ચુકવી દેવાની રહેશે તેમજ ટોરેન્ટ પાવર લિમિટેડ અને એ.એમ.સી. ના વરાડે ખર્ચ તથા સરકારી, અર્ધ-સરકારી વેરા પણ તમારે જુદા ભોગવવાના રહેશે, તેવી તમામ રકમ સદર મીલકત અંગે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થાય તે પહેલા તમારે અમોને ચુકવી દેવાની રહેશે તેમજ સદર મીલકતના વેચાણ દસ્તાવેજ અંગેનુ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફીનુ ખર્ચ તથા અન્ય લીગલ ખર્ચ જે થાય તે તમારે જુદુ ભોગવવાનુ રહેશે અને સદર મીલકત અંગે ચુકતે રકમ અમોને મળેથી વેચાણ દસ્તાવેજની રૂઈએ સદર મીલકતનો કબજો તમોને સોંપવામાં આવશે.

સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમોએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે.

સદર મીલકતના બાંધકામમાં વાપરવામાં આવનાર મટીરીયલ, સેનેટરી ફીટીંગ્સ તથા અન્ય વસ્તુઓ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે તેમ છતા તેવા સ્પેસીફીકેશન મુજબના બાંધકામ અંગે ચાલુ યોજના દરમ્યાન કોઈપણ મેન્યુફેકચરીંગ કંપની બંધ થઈ જાય અને તેને કારણે અન્ય કંપનીનુ મટીરીયલ મંગાવવામાં આવે અને તેને કારણે કલર શેડ કે કવોલીટીમાં કોઈપણ ફેર પડે તો તે અંગે ભવિષ્યમાં તમારે કોઈ વાંધો તકરાર લેવાનો નથી.

------------------------------